SSP/FEB98/G/08/01/150

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮ **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. ભગવત્સ્વરૂપ સંબંધી વાર્તા જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે, ત્યારે તેમના મુખ થકી જ સમજવામાં આવે છે. પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.
૨. સોનીની પેઢીનું દ્રષ્ટાંત અને તેનું રહસ્ય.
૩. આંબલીના કચૂકાનું દ્રષ્ટાંત અને સિદ્ધાંત.
૪. બળ પામવાનો ઉપાય.
૫. પાણીની સેરનું દ્રષ્ટાંત અને તેનો સિદ્ધાંત.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. તેજને વિશે મૂર્તિ............................. પરમ કલ્યાણ થશે.
૨. જે રાજા હોય.................................. સાધુનો પ્રતાપ છે.
૩. અને અમારી પ્રકૃતિ.......................... કુરાજીપો થતો નથી.
૪. વૈરાગ્યહીન હોય તે.......................... કૃપાએ કરીને ટળે.
૫. જ્યારે એ જીવને સંતનો સમાગમ.............. ખોખા જેવું થઈ જાય છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. ઈન્દ્રિયોનો સંયમ.
૨. શ્રીહરિએ કહેલો સ્વમહિમા.

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. સત્પુરુષના ગુણ તો ક્યારે આવે ?
૨. બીજું કાંઈ અધિક સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે તે શું ?
૩. બાઈ - ભાઈ નોખાં રહે છે તેનું કારણ શું ?
૪. સત્પુરુષનો સંગ મન-કર્મ-વચને કેવી રીતે કરવો ?
૫. અંતરશત્રુ ક્યારે પરાભવ કરે અને ક્યારે પરાભવ ન કરે ?
૬. સત્પુરુષમાં જીવ બંધાણો છે તેની નિશાની કઈ ?

**(બ) નીચેનાં વાક્યોની કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને ખાલી જગ્યાની પૂર્તિ કરો.** ૭

૧. ................................ કરત પ્રવેશા, સુરનરમુનિ મહીં નહીં સુખ લેશા. (ઉભય સર્ગ, અધર્મ સર્ગ, ઉત્પત્તિ સર્ગ)
૨. તે દિવસથી મેં ........................... કરવા માંડી તે સોપો પડતો નથી. (સેવા, હાકલ, વાતું)
૩. જન્મોત્રીમાં ગુણાતીતાનંદ સ્વામીની આવરદા ............... લખેલી છે. (૫૮, ૬૮, ૮૨)
૪. ................................ કરીને રૂડા ગુણનો નાશ થઈ જાય છે. (દેહાભિમાન, પક્ષપાત, ત્રણ પ્રકારનો કુસંગ)
૫. ગમે તેવો ...................... બાવો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ ડગાવી નાંખે છે. (સમજણવાળો, અંતદ્રષ્ટિવાળો, દ્રઢતાવાળો)
૬. ......................................નાં દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કરે છે. (ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી)
૭. મને કરીને મોટા સાધુને વિશે ................................. આવવા દેવું નહીં. (મનુષ્યપણું, નાસ્તિકપણું, ન્યૂનપણું)

**(ક) અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સત્પુરુષનો સંગ.
૨. પુરુષોત્તમનું સ્વરૂપ.
૩. ગુણાતીતે કહેલો સ્વસ્વરૂપનો મહિમા.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ-૧ તથા ભાગ-૨'નવી આવૃત્તિ ને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીહરિની કલ્યાણ ભાવના.
૨. નીલકંઠ વર્ણીની નિર્ભયતા.
૩. લોજમાં નીલકંઠ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. ઘનશ્યામનો કાશીમાં શાસ્ત્રાર્થ.
૨. શ્રીહરિના ગૃહત્યાગના નિમિત્ત.
૩. મગ્નિરામનું પરિવર્તન.
૪. સુવાસિનીભાભી અને ઘનશ્યામ.